
# નર્મદા કેનાલ ટોપ સોલાર પાવર પ્રોજેક્ટ રાષ્ટ્રને સમર્પિત



મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિશ્વભરમાં સર્વ પ્રથમ પહેલરૂપે નર્મદા કેનાલ ટોપ સોલાર પાવરના ૧ મેગાવોટની ક્ષમતા ધરાવતા પ્રોજેક્ટને રાષ્ટ્રને સમર્પિત કરતાં જણાવ્યું હતું કે, નર્મદાની મુખ્ય કેનાલ ૪૫૮ કિ.મી. લાંબી નહેર ઉપર પણ સોલાર પાવર પ્રોજેક્ટની શૃંખલા ઉભી કરવાનું ગુજરાતનું સપનું પાર પાડ્યું છે.

કેનાલ સોલારના મિલનનું તીર્થ ક્ષેત્ર ગુજરાત બન્યું છે. ગુજરાતે હવે નર્મદા કેનાલ ટોપ ઉપર સોલાર-પેનલ અને તેની નીચેના વહેતા નહેરના પાણીમાં માઈક્રો હાઈડ્રો ટર્બાઈન ગોઠવીને જળ વિદ્યુત પેદા કરવાના સંશોધન પણ હાથ ધર્યા છે એવી જાહેરાત તેમણે કરી હતી.

સમગ્ર વિશ્વ ગ્લોબલ વોર્મિંગના સંકટથી ઉગરવાની દિશા શોધી રહ્યું છે ત્યારે એક માત્ર ગુજરાત સરકારે મુખ્યમંત્રીશ્રીની રાજકીય ઈચ્છાશક્તિ વાસ્તવિક રીતે મહેસાણા જિલ્લાના કડી તાલુકાના ચંદ્રાસણ ગામ નજીક સાકાર કરી છે. આ એક પાયલોટ પ્રોજેક્ટથી જ સોલાર પેનલો દ્વારા વાર્ષિક ૧૬ લાખ યુનિટ વીજ ઉત્પાદન થશે. નહેરમાં



વહેતા પાણીનું વાર્ષિક ૯૦ લાખ લીટર બાષ્પીભવન થતું અટકશે અને આ પાણી બચશે. આ ઉપરાંત આ સૌર ઉર્જાથી ઉત્પન્ન થયેલી વીજળી આસપાસના ગામોને અને ખેતીના સિંચાઈના પમ્પ માટે સરળતાથી ઉપલબ્ધ થશે જેથી વીજ પરિવહનનો દુર્વ્યય ઘટાડાશે.

રાજ્યના શહેરી વિકાસ મંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, કડી અને સાણંદ તાલુકાને ટોચનું સ્થાન આપવામાં આવ્યું છે. કેનાલ સોલાર પાવર પ્લાન્ટના આરંભ સાથે કડીને વિશ્વના નકશામાં રાજ્ય સરકારે આગવું સ્થાન અપાવ્યું છે.

નર્મદાનું પાણી કેનાલ મારફત કડી તાલુકાને જ સૌપ્રથમ પહોંચ્યું હતું. એ ઘટનાના દાયકા પછી ફરી એકવાર પ્રતિષ્ઠા મળી છે. જે આપણા સૌના માટે આનંદની વાત છે.

ર્જા રાજ્યમંત્રી શ્રી સૌરભભાઈ પટેલે ગુજરાતમાં રોજના ૭ કરોડ યુનિટ વીજળી ખેડૂતોને આપવામાં આવે છે તેની વિગતો આપીને ગુજરાતને દેશના પાવર કેપિટલની ઓળખ મળી રહી હોવાનો ઉલ્લેખ કર્યો હતો. તેઓએ ગુજરાતની સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતામાં સરકાર વધારો કરી રહી હોવાનો સંદર્ભ આપીને ચાલુ વર્ષે નવા એક લાખ વીજ કનેકશનો આપવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો.

રાજ્ય મહેસૂલ મંત્રીશ્રી અને મહેસાણા જિલ્લાના પ્રભારી મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ, આયોજન પંચના ઉપાધ્યક્ષ શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, સંસદસભ્ય શ્રી નટુજી ઠાકોર, ધારાસભ્યશ્રીઓ-પદાધિકારીઓ, સરદાર સરોવર નિગમના ડિરેક્ટર શ્રી વસંતભાઈ રાવલ, ર્જા અને પેટ્રોલિયમ વિભાગના સચિવ શ્રી બી. જે. પાંડિયેન, સરદાર સરોવર નર્મદા નિગમના મેનેજીંગ ડિરેક્ટર શ્રી જગદીશન સહિત વિશાળ સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

## વડીલોને વંદન અભિનંદન

આજે જન્મદિવસ



ઈન્દીરાબેન ઠાકોરલાલ નાયક
(૧૯૩૩)ફોન : ૨૩૨૬૧૪૭૪

## સાણંદ નજીક ગુલમહોર ગ્રીન ગોલ્ડ ક્લબ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષનું ઉદ્ઘાટન કરતાં મુખ્યમંત્રી

અમદાવાદ, તા. ૨૪

મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં સ્પોર્ટસ ટુરિઝમના વિકાસની ઉજવળ સંભાવના વ્યકત કરી છે. અમદાવાદ જિલ્લાના સાણંદ નજીક સાણંદ તાલુકામાં ત્રિલોક પરીખ પરિવાર સંચાલિત ગુલમહોર ગ્રીન ગોલ્ડ ક્લબ અને સ્પોર્ટસ ક્લબનું ઉદઘાટન આજે મુખ્યમંત્રીશ્રીએ કર્યુ હતું.

ગુજરાતમાં પ્રવાસન વિકાસ દેશના પ્રવાસન વૃદ્ધિ કરતાં બમણો છે અને ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસમાં વિદેશી કંપનીઓ અને વિદેશી ઔદ્યોગિક સાહસિક લોકોની સંપદા સખ્યા વધતી રહી છે ત્યારે ટુરિઝમ અને હોસ્પિટાલીટી સેક્ટરનો વિકાસ ઝડપી બન્યો છે એમ તેમણે જણાવ્યું હતું.

## અમદાવાદ - સુરતમાં આઈટી કંપનીઓએ વધુ નોકરી આપી

અમદાવાદ,તા. ૨૪

ગુજરાતમાં આઈટી સેક્ટરે છેલ્લા ૧ વર્ષમાં સૌથી વધુ ભરતી કરી છે. ગયા વર્ષે મહત્તમ ભરતી કરનારમાં અમદાવાદ અને સુરતની કંપનીઓ પણ સામેલ છે. અમદાવાદ અને સુરતમાં આઈટી કંપનીઓએ વર્ષ ૨૦૧૧-૧૨માં આઈટી શહેરોની અંદર સૌથી વધુ રોજગારીની તકો આપવામાં સ્થાન મેળવ્યુ છે. નવા અહેવાલમાં આ મુજબને ધડાકો કરવામાં આવ્યો છે. એસોચેમ દ્વારા ઈમરજીન એમ્પ્લોયમેન્ટ સેન્ટર ઈન ટાયર-૨ એન્ડ ટાયર ડેસ-૩ સીટી નામથી જારી કરવામાં આવેલા અહેવાલમાં આ મુજબનો ધડાકો કરવામાં આવ્યો છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે અમદાવાદ અને સુરતની કંપનીઓની ઉલ્લેખનીય સફળતા રહી છે. કેપીઓ અને બીપીઓ કંપની અઝુર નોલેજ કોર્પોરેશને કહ્યું છે કે આ વર્ષના અંત સુધી ૫૦૦૦ના આંકડા સુધી પહોંચવા આ વર્ષમાં ૧૫૦૦ની ભરતી કરવામાં આવશે. આ સિદ્ધિથી કંપની ભારતમાં ૨૫ કેપીઓ/બીપીઓ કંપનીઓમાં સ્થાન મેળવી લેશે. કંપનીના અધિકારીઓનું કહેવું છે કે અમદાવાદમાંથી મોટાપાયે ભરતી કરાઈ રહી છે. સુરતમાંથી મોટાપાયે ભરતી થઈ રહી છે. અમદાવાદ અને સુરતમાંથી ૭૦ ટકા ભરતી થઈ રહી છે. વડોદરા અને વિદ્યાનગરમાંથી મોટાપાયે ભરતી કરવામાં આવનાર છે.

## ચોથા તબક્કાના ગરીબ કલ્યાણ મેળાઓની રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં સમીક્ષા કરાશે

ગાંધીનગર, તા. ૨૪

રાજ્યમાં હાથ ધરવામાં આવેલ ચોથા તબક્કાના ગરીબ કલ્યાણ મેળાનો કાર્યક્રમ અંતિમ ચરણમાં છે ત્યારે આવતીકાલે મળનારી રાજ્યમંત્રીમંડળની બેઠકમાં ગરીબ કલ્યાણ મેળાની સફળતા અંગે સમીક્ષા કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

રાજ્ય સરકાર દ્વારા જનકલ્યાણ માટે અમલમાં મુકવામાં આવેલ વિવિધ યોજનાઓ અંતર્ગત લાભાર્થીઓને ઘરે બેઠા યોજનાનો લાભ મળે તે માટે રાજ્ય સરકાર દ્વારા ગરીબ કલ્યાણ મેળાનો કાર્યક્રમ હાથ ધરવામાં આવે છે. અત્યાર સુધીમાં ત્રણ તબક્કા પૂર્ણ કરાયા બાદ ગત ૧૨મી એપ્રિલથી રાજ્યમાં ગરીબ કલ્યાણ મેળાનો ચોથો તબક્કો હાથ ધરવામાં આવ્યો છે. આ કાર્યક્રમ ૨૮મી એપ્રિલના રોજ પૂર્ણ થઈ રહ્યો છે.

રાજ્યમાં ૧૨મીથી શરૂ કરવામાં આવેલ ગરીબ કલ્યાણ મેળાની સફળતા મેળા દરમ્યાન રાજ્યના કેટલા તાલુકાના કેટલા લાભાર્થીઓને કેટલી યોજનાઓ અંતર્ગત કેટલી સહાય ચૂકવવામાં આવી તે અંગેની વિગતો સબંધીત વિભાગ દ્વારા આવતીકાલે મળનારી રાજ્યમંત્રીમંડળની બેઠકમાં રજુ કરવામાં આવશે અને આ મેળાઓની સફળતાઓ અંગે સમીક્ષા કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ ચોથા તબક્કામાં રાજ્યમાં યોજવામાં આવેલા ગરીબ કલ્યાણ મેળાઓની મેળા વાર વિગતો પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની વેબસાઈટ પર મુકવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

ગરીબ કલ્યાણ મેળા ઉપરાંત રાજ્યના શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા પણ રાજ્યના બેરોજગાર યુવાનોને રોજગારી પત્રો એનાયત કરવા માટેના યોજાયેલા કાર્યક્રમ અંગેની વિગતો પણ આવતીકાલે મળનારી રાજ્યમંત્રીમંડળની બેઠકમાં રજુ કરવામાં આવશે અને કાર્યક્રમની સફળતા અંગે સમીક્ષા હાથ ધરવામાં આવશે.

## સમાચાર ઝલક

- વડોદરામાં સ્વીમીંગ પુલમાં ડુબતા છાત્રાનું મોત.
- ગોધરામાં દીપડાને પાંજરે પુરવા વનવિભાગનું ઓપરેશન.
- નડીયાદમાં આડાસંબંધની શંકાથી પાડોશીની પત્નીને પ્રૌઢે બેટ ફટકાર્યું.
- ભાવનગર, સુરેન્દ્રનગર અને સરદાર ડેમમાં ભૂકંપના આંચકા.
- વેરાવળ પંથકમાંથી એક જ રાતમાં ચાર દીપડા કેદ થયા.
- અમરેલીમાં સિંહ-દીપડાએ સાત વ્યકિતઓનો ભોગ લીધો.
- જુનાગઢના મહામંડલેશ્વર સહિત ૧૫ સંતો પર પ્રાચી તીર્થ નજીક હુમલો, સાધુ-સંતોની ગાડીઓમાં તોડફોડ.
- ઉત્તર ગુજરાતમાં વેટના દરોડા : ૧૦૦ કરોડનો માલ સીઝ.
- મહેસાણા પંથકમાં ભૂકંપના બે આંચકા : એપી સેન્ટર વિસનગર.
- દાંતીવાડાની મહિલાએ અંગત અદાવતમાં બાઈક સળગાવ્યું.
- મોડાસાના છારાનગરમાં દારૂના અડ્ડા પર પોલીસનો સપાટો.
- ભૂજમાં ઘરમાં ઘૂસીને છરીની અણીએ લૂંટ.
- ખરાબ મૌસમથી ક્રીકમાં રહેતી તરતી ચોકીઓ પાછી બોલાવાઈ.
- ભાવનગરનો શખ્સ ૨૨ લાખના હીરાની છેતરપિંડીમાં ઝડપાયો.
- રાજકોટ, સૌરાષ્ટ્રમાં હજુ વાદળા, દ્વારકા-ખંભાળિયામાં ઝાપટા.
- કેન્દ્રે કપાસ ખરીદી બંધ કરતા વડોદરામાં ખેડૂતો વિફર્યા-પથ્થરમારો-લાઠીચાર્જ.

## યુનિવર્સિટીમાં રજિસ્ટાર વગર કોન્ટ્રાકટથી વિવાદ

અમદાવાદ, તા.૨૪

ગુજરાત યુનિવર્સિટીમાં કાર્યકારી રજિસ્ટારે રાજીનામુ આપી દેતા હાલ આ જગ્યા ખાલી પડી છે. બીજીબાજુ રજિસ્ટારની જગ્યા નહી ભરાતા સ્કોલરશીપ અને મહેનતાણા સહિતના નાણા મળતા નથી.આ ઉપરાંત પરીક્ષાની કામગીરી માટે ટેન્ડર વગર કોન્ટ્રાકટ પણ આપી દેવામાં આવ્યા છે. પરિણામે યુનિવર્સિટીને કર્મચારીઓ અને વિદ્યાર્થીઓને લાભ આપવામાં નિયમો નડે છે. જ્યારે વગર ટેન્ડરે કોન્ટ્રાકટ આપી દેવામાં નિયમો નડતા નથી.હાઈકોર્ટના આદેશ બાદ ગુજરાત યુનિવર્સિટીના કાર્યકારી રજિસ્ટાર એમએસશાહને દૂર કરવામાં આવ્યા હતા.

ત્યાર બાદ રજિસ્ટાર માટે કાયમી નિમણૂક ન થાય તે માટે યુનિવર્સિટીએ રજિસ્ટારનો કાર્યકારી ચાર્જ પરીક્ષા નિયામકને સોંપ્યો હતો પરંતુ પરીક્ષા નિયામકે લાયકત મૂજબ અનુભવ ધરાવતા ન હોવાથી આ ચાર્જ સંભાળવા ઈન્કાર કરી દીધો છે. જેથી હાલ આ જગ્યા ખાલી છે. હવે આ જગ્યા ખાલી રહેવાથી યુનિવર્સિટીના કર્મચારીઓને વધારાના મહેનતાણાનો અને વિદ્યાર્થીઓને સ્કોલરશીપનો લાભ મળતો નથી.

પરિણામે કર્મચારીઓ વધારાનું કામ કરવા ખચકાઈ રહ્યા છે. જ્યારે વિદ્યાર્થીઓને પરીક્ષા સમય નાણા માટે દોડધામ કરવાનો વારો આવ્યો છે.બીજીબાજુ લાભ આપવાના આવે ત્યારે નિયમો બતાવતી યુનિવર્સિટીએ પરીક્ષાની કામગીરી માટે ટેક્ષી સહિતના કોન્ટ્રાકટો ટેન્ડર વગર બરોબાર આપી દીધા છે.હવે નિયમ મૂજબ રજિસ્ટાર વગર કોન્ટ્રાકટ આપી શકાય નહીં તેમ છતાં કોન્ટ્રાકટ આપી દેવાતા ભારે વિવાદ થવાની શકયતા છે.

## એસટીને સરકાર સહાય નહીં કરે તો નવી મુશ્કેલીના એંધાણ

### એસટી નિગમની વર્ષ ૨૦૧૧-૧૨ની ખાદ્ય ૩૦૦ કરોડને આંબી ગઇ : છઠ્ઠા પગાર પંચનો અમલ પણ કરવો પડશે

ગાંધીનગર, તા.૨૪

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (એસ.ટી) આર્થિક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યું છે ત્યાં જ તેના કર્મચારીઓને છઠ્ઠા પગારપંચ મુજબ વેતન ચૂકવવું પડે એવી સ્થિતિ સર્જાતા એસ.ટી નિગમની હાલત વધુ કફોડી બની છે. આથી રાજ્ય સરકાર દ્વારા કરોડો રૂપિયાની તાત્કાલિક સહાય કરવામાં આવે એવી માંગ ઊઠી છે.

સૂત્રોમાંથી જાણવા મળ્યા મુજબ એસટી નિગમને વર્ષ ૨૦૧૧-૧૨ના વર્ષના અંતે રૂપિયા ૩૨૩.૫૬ કરોડ રૂપિયાની ખોટ જાય તેવો અંદાજ છે. બીજી તરફ નિગમના કર્મચારીઓને ૨૦૧૧ના વર્ષના છઠ્ઠા પગાર પંચ મુજબ વેતન ચુકવવું પડે તેવી સ્થિતિ ઊભી થઈ છે. એસટી નિગમ પર હાલ કર્મચારીઓના પગાર-ભથ્થા અને દૈનિક સંચાલન પાછળ કરોડોનો ખર્ચ થઈ રહ્યો છેજ્યારે એસટી નિગમની આવકમાં ખાસ કોઈ વધારો થયો નથી. એટલે આ વર્ષના અંતે રૂપિયા ૩૦૦ કરોડથી વધુ ખાદ્ય થશે એવો અંદાજ માંડવામાં આવ્યો છે એટલે રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવે તો જ નિગમની આબરૂ બચી શકે તેમ હોવાનું નિગમના સૂત્રો જ જણાવી રહ્યા છે.

સૂત્રોએ કહ્યું હતું કે એસટી નિગમ દ્વારા ૩૦૦૦ જેટલી નવી બસો ખરીદીને માર્ગ પર મૂકવાની તૈયારીઓ ચાલી રહી છે ઉપરાંત જર્જરિત બનેલા બસ સ્ટેન્ડને સુધારવા તથા પ્રવાસીઓની સુવિધા પાછળ પણ રૂપિાય ૧૫ કરોડનો ખર્ચ કરવો પડે તેમ છે.

એસટી નિગમ પર કરોડો રૂપિયાનું કરજ છે એનું વ્યાજ અને મુદલની રકમ પરત ચૂકવણીનું મોટું ભારણ છે. વર્ષ ૨૦૧૧-૧૨ની રૂપિયા ૨૨૯૯.૭૦ કરોડ આવક સામે રૂપિયા ૨૬૨૩ કરોડ રૂપિયાનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. તેથી ૩૨૩ કરોડો રૂપિયા કરતાં પણ વધુની ખાદ્ય બોલી રહી છે. બીજી તરફ નિગમ પર છઠ્ઠા પગારપંચ પ્રમાણે પગાર એસટી નિગમ દ્વારા અગાઉ ૩૦૦ કરોડની લોન માટે રાજ્ય સરકાર સમક્ષ દરખાસ્ત કરવામાં આવી હતી તેને સરકારે નકારી કાઢી હતી.

## કવાયતો પૂરજોશમાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

દિવસોમાં વિશેષ કાર્યક્રમોનું આયોજન પણ હાથ ધરવામાં આવનાર છે.

રાજ્યમાં આવી રહેલ વિધાનસભાની ચૂંટણી અંગેની તૈયારીઓ પંચે પુરજોશમાં આરંભી દીધી છે. પંચે છેલ્લા બે મહિનાથી તેની કવાયતોમાં ભારે વેગ લાવી દીધો છે. ચૂંટણીની ખાલી જગ્યાઓ અંગેની સમીક્ષા કરી અહેવાલ માંગવામાં આવ્યો છે. તો જિલ્લા કલેક્ટરો અને નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીઓ સાથે છેલ્લા એક સપ્તાહથી સતત બેઠકોનો દોર ચાલી રહ્યો છે જે ઉલ્લેખનીય છે.

ગાંધીનગર જિલ્લા કલેક્ટરશ્રીએ બોલાવેલી રાજકીય પક્ષોના આગેવાનોની બેઠકમાં મતદારયાદી અને મતદાન મથકોના પુનઃગઠન બાબતે વિસ્તૃત ચર્ચાઓ કરનાર હોવાનું જાણવા મળેલ છે. જેમાં પંચ દ્વારા નિયત થયેલ માર્ગદર્શક સૂચનાઓની જાણકારી પણ આ આગેવાનોને આપવામાં આવશે.

## શબ્દાવલી - ૪૭૧૦

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ■ | ૫ | ૬ | ૭ |
| ૮ | | | | ■ | ■ | ૯ | |
| | ■ | ■ | ૧૦ | ૧૧ | ૧૨ | ■ | |
| ■ | ૧૩ | ■ | ૧૪ | | | ૧૫ | ■ |
| ૧૬ | | ૧૭ | | ■ | ■ | ૧૮ | ૧૯ |
| ૨૦ | | | | ■ | ૨૧ | | |
| | ■ | | ■ | ૨૨ | | ■ | |
| ૨૩ | | ■ | ૨૪ | | | ■ | |

### આડી ચાવી

૧. ઘરનું કામ, ઘરકામ (૪)
૫. સુંડલો (વાંસનો) (૩)
૮. નાનમ (૪)
૯. લખોટી કે મોઈ દંડાની રમતમાં કરાતા નાના ખાડાઓ (૨)
૧૦. માન, મર્યાદા (૩)
૧૪. એક ભાજી (૪)
૧૬. ખુશખુશાલ (૪)
૧૮. કવિતાની રચના કરનાર (૨)
૨૦. સફેદી કી...., ચમકવું (૪)
૨૧. પાછું વળવું તે (૩)
૨૨. ઝટકો, ઘા, નાશ (૨)
૨૩. કેન્સલ, બાતલ (૨)
૨૪. વાયરો (૩)

### ઊભી ચાવી

૧. ઘરકામ કરતી સ્ત્રી, ગૃહપત્ની (૩)
૨. મારી નાખ, નાશ કર (૨)
૩. કાપવું તે, વાઢ, કાપો (૨)
૪. જુદા જુદા મત પર્વતવા તે (૫)
૬. ચરણ, ટાંટીયા (૨)
૭. ધૂપ કે ઔષધિ (૩)
૧૧. ઘોડા-ગધેડાનું છાણ (૨)
૧૨. પતંગની ઢીલ છોડતા દોરી વચ્ચેથી નમે તે (૩)
૧૩. ચુંગી, હુક્કો (૩)
૧૫. વિદુષક (૩)
૧૬. બુચકારો બોલાવવો તે (૪)
૧૭. કયાં જાવ છો જેવો પ્રશ્ન કરવો તે (૩)
૧૯. વહેંચવું તે (૪)
૨૧. પડતી, અવગતિ (૩)
૨૨. ઘા, વ્રણ (૨)

### શબ્દાવલી ૪૭૦૯ના જવાબ

**આડી ચાવી :-** (૧) સુતરાઉ (૩) નાપાક (૮) પરાજીત (૯) વદ (૧૦) રપો (૧૧) રજવાડી (૧૩) અડવા (૧૫) કવાથ (૧૭) માટી (૧૮) તોડા (૧૯) જોક (૨૦) ધડીમ (૨૧) તય (૨૨) ધમાલ

**ઊભી ચાવી :-** (૧) સુપર (૨) તરાપો (૩) રાજી (૪) ઉતરડ (૬) પાવડી (૭) કદ (૧૨) જવાનજોધ (૧૩) અથડામણ (૧૪) મટીરિયલ (૧૬) વાતોડી (૨૦) ધણ (૨૧) તમા

## Hello ફ્રેન્ડસ! (પાના નં. ૪ નું ચાલુ)

આ શબ્દનો મૂળ સ્પેલિંગ (ગુગલ) એવો હતો. જયારે ગુગલનાં સંસ્થાપક લૅરી પેન અને સર્જી બ્રીને પોતાનો પ્રૉજેક્ટ લોન્ચ કર્યો ત્યારે એમને (ગુગલ) ના નામનો ચેક મળ્યો, એનાં પહેલાં ચેકની ખુશીમાં ચેકમાં થયેલાં નામની ભૂલને એમણે સ્વીકારી ગુગલ નામ પાડી દીધું!!

**ઇંટેલ :**

બૉબ નૉયસ અને ગાર્ડન મૂર ને એમની નવી કંપનીનું 'નૉયસ મૂર' રાખવું હતું. એમને જોઈતું નામ એક હોટલને નામે રજીસ્ટર્ડ હતું. એટલે એ નામ એમને મળ્યું નહીં. એટલે એટલે એ નામ એમને મળ્યું નહીં. એટલે એમણે ના છૂટકે (ઈન્ટીગ્રેટેડ ઈલેક્ટ્રોનીકસ) આ શબ્દમાં પહેલાં અક્ષરો ઉપાડી કંપનીને (ઈન્ટેલ) નામ આપી દીધું!!

**લોટસ :**

લૉટસના સર્વે સર્વા મીચ કપૂર એ યોગ શિક્ષક હતાં. પાણીમાં ખીલેલું કમળ અને પદ્માસનની સ્થિતિમાં એમને લૉટસનું સ્મરણ થયું અને એમણે નામ 'લૉટસ' પાડ્યું!!

**હેવલેટ પેકાર્ડ :**

એચ.પી. ના ટૂંકા નામે પ્રસિધ્ધ આ કંપની ઈલેક્ટ્રોનિક્સમાં પોતાની આગવી ઓળખ ધરાવે છે. બિલ હ્યુવલેટ અને ડ્યુ પેકાર્ડ બંને જણાંએ મળીને એક કંપની ચાલુ કરી. હ્યુવલેટ પેકાર્ડ કે પેકાર્ડ હ્યુવલેટ માંથી કયું નામ કંપનીને આપવું? આ બાબતે બંને જણા મમત પર આવી ગયા, મિત્રો તો હતાં જ એટલે આ પ્રશ્નનું નિરાકરણ કરવા ટૉસ કરવામાં આવ્યો અને 'હયુવલેટ પેકાર્ડ' નામ પર મંજૂરીની મહોર વાગી ગઈ!!

**એડોબ :**

ઍડૉબ કંપનીના માલિક જૉન વર્નાકયાના ઘરની પછવાડે એડૉબ નામની ક્રિક એટલે ખાડી આવેલી છે. એટલે એનું નામ એડૉબ રાખ્યું. એડૉબ આજે સૉફટવેર સોલ્યુશન અને ઈનૉવેટીવ આઈડીયાને કારણે ફલૅશ, રીડર, ફૉટોશૉપ જેવાં ટૂલથી આ.ટી. ક્ષેત્રે અત્યંત પ્રસિધ્ધ છે...

**માઇક્રોસોફ્ટ :**

'માઈક્રો કૉમ્પ્યુટર અને સૉફટવેર તૈયાર કરનારી કંપની હોવાથી બિલ ગેટસે એનું નામ માઈક્રો - સૉફટ' પાડ્યું. સમયાંતરે એમણે માઈક્રો અને સૉફટ વચ્ચેની લીટી કાઢી નાંખી અને 'માઈક્રોસૉફટ' નામ પ્રચલિત થયું...

**સોની :**

સૉની શબ્દમાં લેટીન અને અમેરિકન ગ્રામીણ ભાષાનો મિલાપ દેખાય છે. 'સૉનસ' આ લેટીન શબ્દનો અર્થ 'ધ્વનિ' એવો થાય છે. અમેરિકન ગ્રામ્ય ભાષામાં હોંશિયાર છોકરાને 'સૉની' તરીકે ઓળખવામાં આવે છે. મૂળ આ જાપાનીઝ કંપનીએ અમેરિકન અને લેટીન શબ્દને સાંકળી 'સૉની' નામ પાડ્યું છે.

**સેપ :**

આઈ.બી.એમ. ના ચાર માજી કર્મચારીઓએ ભેગા મળીને સેપ સિસ્ટમ શોધી કાઢી. આ કર્મચારીઓ સિસ્ટમ, એપ્લીકેશન, પ્રોજેક્ટસ ગૃપમાં કામ કરતાં હતા. એના પરથી જ એમણે 'સિસ્ટમ એપ્લીકેશન પ્રૉડક્ટસ ઈન ડેટા પ્રોસેસીંગ' ટૂંકમાં 'સેપ' એવું નામ આપ્યું!!

**એપલ :**

'ઍપલ' ના માલિક સ્ટીવ જૉબ્સનું મનગમતું ફળ એટલે 'ઍપલ' એટલે જ નામ પડ્યું 'ઍપલ'. આઈફોન ક્ષેત્રે ક્રાંતિ રચનાર સ્ટીવ જૉબ્સ 'હાઈ ક્વૉલીટી' પ્રૉડક્ટમાં પ્રખ્યાત છે.

**ઇબે :**

ઈન્ટરનેટ પર જાતજાતની જાહેરાતોથી સસ્તામાં વસ્તુ આપવાની પ્રણાલી ચાલુ કરનાર ઈબેનું મૂળ નામ ઈકો બે હતું. તમે સસ્તામાં પ્રૉડક્ટ લો અને એનો પડઘો સમાજમાં પાડો એવાં કન્સેપ્ટ સાથે નામ રાખેલું, જે ટૂંકું કરીને પછી 'ઈ-બે' થઈ ગયું!!

અત્યારે માત્ર કૉમ્પ્યુટરને ધ્યાનમાં રાખી એનાં રીલેટેડ કામ કરતી કંપનીના નામની કથા કરી, બાકી લગભગ દરેક પ્રૉડક્ટનાં નામ પાછળ એની કહાની હોય જ છે!!

**ચૂંટલો :**

'નાણાં વગરનો નાથીયો, નાણે નાથાલાલ' એ હિસાબે જે તે કંપની કે વ્યક્તિ એનું ામ ઉજાળે એટલે, સીદાસાદા નામોની પણ વિશિષ્ઠ ભાવે ચર્ચા થાય જ... તમે થોડુંક નામ કમાવો તો આપોઆપ તમારા નામની કથાની જીજ્ઞાસા સૌને રહેશે જ!!

- hellosanjay108@gmail.com